*Total No. of Printed Pages : 4* **Seat No. :** | | | | | | | |

# 175(G)

**(MARCH, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 15 સુધીના હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી ફરીથી લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** **[15]**

1. સહકારી મંડળીનો મુખ્ય હેતુ કયો છે ?
   (A) નફાની ન્યાયી વહેંચણી (B) ગ્રાહકનું શોષણ
   (C) ખોટ કરવી (D) વધુ નફો કરવો

2. લીફલેટ કયા પ્રકારનું સાધન કહેવાય ?
   (A) દૃશ્ય (B) શ્રાવ્ય
   (C) દૃશ્ય-શ્રાવ્ય (D) શ્રાવ્ય-દૃશ્ય

3. વિસ્તરણ એ લોકશાહીના કયા તત્ત્વજ્ઞાન પર આધારિત છે ?
   (A) સામાજિક (B) કેળવણી
   (C) જવાબદારી (D) સંસ્કૃતિ

4. ટેપ રેકોર્ડરમાં વપરાતી પ્લાસ્ટિકની પટ્ટી ઉપર કયો પદાર્થ ચોંટાડેલો હોય છે ?
   (A) સિગ્નલઝ (B) પોર્ટેબલ
   (C) આર્યન ઑક્સાઈડ (D) ઑક્સાઈડ

5. NDDB એ કયા પ્રકારની સંસ્થા છે ?
   (A) સરકારી (B) ખાનગી
   (C) જાહેર (D) અર્ધસરકારી

6. ડેરી ફાર્મમાં કેટલા જાનવરો છે તે કયા પત્રક પરથી જાણી શકાય ?
   (A) વંશાવલિ (B) ધણપત્રક
   (C) પ્રજનનપત્રક (D) દૂધપત્રક

7. દૂધની કઈ બનાવટમાં પ્રોટીનનું પ્રમાણ વધારે હોય છે ?
   (A) પનીર (B) છન્ના
   (C) ચીઝ (D) ફ્લેવર્ડ મિલ્ક

8. રોજબરોજના લેવડ-દેવડની નોંધ શામાં થાય છે ?

(A) ખાતાવહી (B) રોજમેળ

(C) લાઈવસ્ટોક રજિસ્ટર (D) ફૂડ-ફોડર રજિસ્ટર

9. દૃશ્ય પ્રસંગ એક કાર્ડમાં દર્શાવી બતાવવામાં આવે તેને શું કહેવાય ?

(A) ટી.વી. (B) ચલચિત્ર

(C) રેડિયો (D) ફ્લેશકાર્ડ

10. નીચેનામાંથી કયું શ્રાવ્ય સાધન કહેવાય ?

(A) ટેલિફોન (B) ટેલિવિઝન

(C) સમાચારપત્ર (D) લીફલેટ

11. જિલ્લા દૂધ-ઉત્પાદક સંઘમાં સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

(A) 9 (B) 16

(C) 21 (D) 25

12. કી-વિલેજ સ્કીમ કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન શરૂ થઈ ?

(A) પ્રથમ (B) બીજી

(C) ત્રીજી (D) પાંચમી

13. ફ્લેશકાર્ડ કયા ગ્રૂપ માટે અસરકારક છે ?

(A) મોટા (B) નાના

(C) મધ્યમ (D) એકપણ નહીં

14. કઈ પદ્ધતિમાં ઓછા ખર્ચે પરિવર્તન લાવી શકાય છે ?

(A) રીત-નિદર્શન (B) પરિણામ નિદર્શન

(C) પ્રદર્શન (D) નિદર્શન

15. પ્રવચન એ કઈ પ્રક્રિયા છે ?

(A) મૌખિક (B) શ્રાવ્ય

(C) લેખિત (D) સામૂહિક

## વિભાગ - B

- **નીચેના 16 થી 30 સુધીના અતિ ટૂંકા પ્રશ્નો છે. એક વાક્યમાં જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે :** **[15]**

16. ચરબી સિવાયના ઘનતત્ત્વો શોધવાનું સૂત્ર જણાવો.

17. મંડળીના પ્રકારો જણાવો.

18. મૂક ચલચિત્રમાં સેકન્ડે કેટલા ચિત્રો પસાર થાય છે ?

19. I.A.D.P.નું પૂરું નામ ગુજરાતીમાં જણાવો.

20. રેડિયોની શોધ કોણે કરી હતી ?

21. અમૂલ ડેરીનું પૂરું નામ જણાવો.

22. ચોપાનિયાં કેવી પ્રક્રિયા છે ?

23. ભેંસના દૂધમાં પાણીના ટકા કેટલા હોય છે ?

24. ભારતમાં સૌ પ્રથમ 'ક્રિમરી કેન્દ્ર' ક્યાં શરૂ થયું ?

25. સમુદાય એટલે શું ?

26. વિસ્તરણમાં નવી પદ્ધતિનો ઉપયોગ કરવા કઈ પદ્ધતિ વપરાય છે ?

27. પ્રથમ પંચવર્ષીય યોજના ક્યારે અને કયા હેતુ માટે શરૂ થઈ ?

28. શ્રોતાઓ કોને કહેવાય ?

29. ડેરી ઉદ્યોગનો વૃદ્ધિ દર જણાવો.

30. નિદર્શનના પ્રકારો જણાવો.

## વિભાગ - C

**નીચેના 31 થી 43 સુધીના ટૂંકા પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. દરેકના 2 ગુણ છે. (ગમે તે દસ (10) લખો.)** **[20]**

31. આલેખના પ્રકારો જણાવો.

32. ફેટ-ટેસ્ટમાં એમાઈલ આલ્કોહોલનું કાર્ય જણાવો.

33. ડેરી ઉદ્યોગના પ્રકાર જણાવો.

34. અમૂલ ડેરી પ્રતીકના ચાર હાથ જણાવો.

35. કેળવણીના પ્રકારો જણાવો.

36. કઠપૂતળીના પ્રકારો જણાવો.

37. રીત (પદ્ધતિ) નિદર્શન એટલે શું ?

38. સહકારી મંડળીના વિકાસના અને વિનાશના ત્રણ સ્તંભો જણાવો.

39. ચલચિત્રના પ્રકાર જણાવો.

40. શ્રોતાઓના પ્રકાર જણાવો.

41. ગૌશાળાના ચાર પત્રકોનાં નામ જણાવો.

42. સંમેલન ચર્ચાની પદ્ધતિઓ જણાવો.

43. શ્વેતક્રાંતિ એટલે શું ?

## વિભાગ - D

- **નીચેના 44 થી 56 સુધીના લઘુ પ્રશ્નો છે. માગ્યા મુજબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે. (ગમે તે દસ લખો.)** **[30]**

44. વિસ્તરણ કાર્યકરની ફરજો જણાવો.
45. સહકારી મંડળીના ચેરમેન (પ્રમુખ)ની ફરજો જણાવો.
46. સંયુક્ત કુટુંબ પદ્ધતિના ગેરલાભ જણાવો.
47. પ્રદર્શન અને નિદર્શન વચ્ચેનો તફાવત જણાવો.
48. ધાતુના વાસણ કરતાં માટીના વાસણમાં દહીં સારું જામવાના કારણો જણાવો.
49. પોસ્ટરોને એકાન્ત જગ્યાએ લગાડવાથી તેની અસરકારકતા ઘટી જાય છે. કારણ સમજાવો.
50. સ્વચ્છ અને વધુ દૂધ મેળવવા શું કરવું જોઈએ ?
51. જિલ્લા દૂધ-ઉત્પાદક સંઘના કાર્યો જણાવો.
52. સહકારી પ્રવૃત્તિના સિદ્ધાંતો જણાવો.
53. ગ્રામ સમાજના લક્ષણો જણાવો.
54. વિસ્તરણ કાર્યના હેતુઓ જણાવો.
55. દૂધ મંડળીની પશુપાલન વિસ્તરણ સેવાઓ જણાવો.
56. ભારતીય ડેરી નિગમ (I.D.C.)નાં કાર્યો જણાવો.

## વિભાગ - E

- **નીચે આપેલા 57 થી 62 સુધીના નિબંધ પ્રકારના પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. દરેક પ્રશ્નના પાંચ ગુણ છે. (ગમે તે ચાર લખો.)** **[20]**

57. ભારતમાં ડેરી ઉદ્યોગનો પ્રારંભ અને વિકાસ જણાવો.
58. ચલચિત્રના પ્રકાર જણાવી તેના ફાયદા જણાવો.
59. ગૌશાળામાં પત્રકો રાખવાથી થતા લાભો જણાવો.
60. દૂધ-ઉત્પાદન ચળવળના આર્થિક, સામાજિક, વૈજ્ઞાનિક અને રાજકીય ફાયદાઓ જણાવો.
61. ‘વિવાદ’ (Debate) વિશે ટૂંકનોંધ લખો.
62. વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓ જણાવી, કોઈ એક પ્રવૃત્તિની વિગતે ચર્ચા કરો.

---